# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE (ECHO GROUP)

India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. Pankaj C. Wadia

VOL: XXIII | YEAR OF OUR LORD JESUS CHRIST, FEBRUARY 2022 | NO: 12


## પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોઢે કરો

પ્રભુની સ્તુતિ થાઓ!!

નીતિવચનો ૨૦:૧-૯

૧. સંકટ સમયે યહોવા તારું સાંભળીને તને ઉત્તર આપો; યાકૂબના દેવનું નામ તારું રક્ષણ કરો;

૨. પવિત્રસ્થાનમાંથી તને સહાય મોકલો, અને સિયોનમાંથી તને બળ આપો;

૩. તારા સર્વ અર્પણોનું સ્મરણ કરો, અને તારું દહનાર્પણ માન્ય કરો;

૪. તારા હૃદયની ઈચ્છા પ્રમાણે તને આપો, અને તારા સઘળા ઈરાદા પૂરા કરો.

૫. તારા તારણમાં અમે આનંદ માનીશું, આપણા દેવને નામે આપણી ધ્વજાઓ ચઢાવીશું; યહોવા તારી સર્વ અરજો સ્વીકારો.

૬. હવે હું જાણું છું કે યહોવા પોતાના અભિષિકતને વિજય આપે છે; તે પોતાના પવિત્ર આકાશમાંથી પોતાના જમણા હાથની તારકશક્તિથી તેને ઉત્તર આપશે.

૭. કોઈ રથ પર ભરોસો રાખે છે અને કોઈ ઘોડા પર, પણ આપણે આપણા દેવ યહોવાના નામનું સ્મરણ કરીશું.

૮. તેઓ નમીને પડી ગયા છે; પણ આપણે ઊઠીને ઊભા થયા છે.

૯. હે યહોવા, રાજાને વિજય આપ; અમે વિનંતી કરીએ ત્યારે અમને ઉત્તર દે.

# શા માટે ઈસુ ખ્રિસ્તની વંશાવળી ફક્ત ઈબ્રાહિમ તથા દાઉદથી – જ શરૂ થાય છે?

## Why the genealogy of Jesus Christ precedes Abraham and David only?


ભાઈ એમ. પોલરાજ


માથ્થીની સુવાર્તાની પ્રથમ કલમ ૧:૧માં આપણે આ પ્રમાણે વાંચીએ છીએ: "ઈસુ ખ્રિસ્ત જે દાઉદનો દીકરો, જે ઈબ્રાહિમનો દીકરો, તેની વંશાવળી." "ઈસુ ખ્રિસ્તની વંશાવળીમાં ઈબ્રાહિમથી યૂસફ સુધી ૪૨ પેઢીઓનો સમાવેશ થયો છે, તેથી ૪૨ પેઢીઓની શ્રેણીમાંથી, ઈશ્વરે ફક્ત ૩ પેઢીઓને પસંદ કરી છે, ઈબ્રાહિમ, દાઉદ અને ઈસુ ખ્રિસ્ત. તેથી તે અનિવાર્ય છે કે ઉપરોક્ત ત્રણેય નામો દૂરગામી મહત્ત્વ ધરાવતા હોવા જરૂરી છે. હા, આ ત્રણ નામો ખાસ વજન અને મહત્ત્વ ધરાવે છે! આવો આપણે આ ત્રણ મહાન નામો ઈબ્રાહિમ, દાઉદ તથા ઈસુ ખ્રિસ્ત વિશે વિસ્તારમાં જોઈએ.

### ઈબ્રાહિમ!

ઈબ્રામ તેરાહનો પુત્ર હતો, જે કાસ્દીઓના ઉર નગરનો રહેવાસી હતો. તે આખો પ્રદેશ મૂર્તિપૂજક લોકોથી ભરેલો હતો. તો પણ યહોવા પ્રભુએ ખૂશીથી ન્યાયી પૂરુષ ઈબ્રાહમને પસંદ ર્ક્યો હતો અને તેને ત્યાથી દૂર દેશમાં લઈ ગયા હતા. ઈશ્વરે તેને વચન આપ્યું હતું કે તેઓ તેનું નામ મોટું કરશે અને તેનામાં પૃથ્વીના સર્વ કુટુંબોને આશીર્વાદ આપશે. (ઉત્પતિ ૧૨:૧-૩, પ્રેરિતોના કૃત્યો ૭:૨-૪). જો કે તેડું ઈબ્રામ માટે હતું, તેના બાપે તે લીધું અને ઈબ્રામ, તેની સ્ત્રી સારાય અને તેના પૌત્ર લોતને લઈને ઉરમાંથી કનાન દેશમાં જવા નીકળ્યો. તેઓ થોડો સમય ૩૦ થી ૪૦ વર્ષો સુધી હારાનમાં રહ્યા અને સંપત્તિ ભેગી કરી. જ્યારે તેરાહ મરી ગયો ત્યારે ઈબ્રામને ફરી તેડું આવ્યું. (ઉત્પતિ ૧૨:૧-૩), તો પણ ઈબામે તેની સ્ત્રીની સાથે લોતને પણ લીધો! આમાં ઈશ્વરે આપેલા તેડામાં ફરક હતો. ઈશ્વર ઈબ્રામથી રાજી ન હતા. ઈશ્વર એવા કુટુંબને આશીર્વાદ ન આપી શકે જેઓ બીજાઓ સાથે સંબંધ રાખે. અહિં આ બાબતથી ધ્યાન હઠી જશે. ભલે પછી તે કુટુંબ હોય કે વ્યવસાય. તો પણ ઈશ્વર ઈબ્રામ સાથે હતા. તે કુટુંબ કનાનમાં આવ્યું અને શખેમમાં રહ્યું. પછી તે બેથેલ ગયો અને ત્યાં તંબુ નાખ્યો. ઈશ્વરે ઈબ્રામને દર્શન આપ્યું અને તેને કહ્યું કે તેઓ કનાન દેશ તેના વંશજોને આપશે. (ઉત્પતિ ૧૨:૭).

ઈબ્રામ ઢોર, રૂપૂં તથા સોનાથી ધનવાન થયો હતો. જેમ જેમ દિવસો જતા હતા, ઈબ્રામ તથા લોત પાસે ઘેટાં તથા ઢોર, વધતા ગયા અને તેમના ગોવાળિયાંઓ


(અનુસંધાન પાન ૩ પર)

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## from your dearly beloved brother...





## "...હું મારા ઈસ્રાએલ લોકની ગુલામગીરી પાછી ફેરવીશ..." (આમોસ ૯:૧૪)

**આપણી મિશન નીતિ**

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


CHIEF EDITOR
Angeline Selvakumari Henry, M.A., M.Ed.

MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

ADMINISTRATION
Bro. N. Prakasam, M.A., General Manager

EDITORIAL BOARD
Sis. Jesy Veena Sam
Bro. M. Paulraj, M.A., B.Ed.
Sis. Serena Bevin, M.A., M.Phil., B.Ed.

EDITOR, PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858

E.mail ID
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

WEBSITES
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com


પ્રભુમાં વહાલા પ્રેમાળ ભાઈઓ તથા બહેનો,

આપણા પ્રભુ તથા તારનાર ઈસુ ખ્રિસ્તના નામને મહિમા હો. અમે ઈકો ઓફ હીજ કોલના આ માસિક સામયિક મારફત તમને શુભેચ્છાઓ આપતા આનંદ અનુભવીએ છીએ.

ઈશ્વરે અમારી ડિસેમ્બર ૨૦૨૧ અને જાન્યુઆરી ૨૦૨૨ની પ્રવૃત્તિઓને આશીર્વાદિત કરી છે. અમારે ત્યાં નાતાલ તથા નવા વર્ષની અદ્ભૂત સભાઓ થઈ હતી, જેમાં સાબ્બાથ શાળાના બાળકોની મિનિસ્ટ્રી, **નહેમ્યા બાઈબલ કોલેજ**ની હિન્દી ભાષાના ઓનલાઈન અભ્યાસક્રમો સામેલ હતા.

અમારો હિન્દી ભાષાનો ઓનલાઈન અભ્યાસક્રમ જે ૩જી જાન્યુઆરી ૨૦૨૨થી શરૂ થયો છે, તેને ઈશ્વરે આશીર્વાદિત ર્ક્યો છે. ઘણા વિદ્યાર્થીઓ તેમાં જોડાયા છે અને આ ઓનલાઈન અભ્યાસક્રમ ઉત્તર ભારતના હિન્દી બોલતા જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓના ફાયદા માટે ચાલુ કરવામાં આવ્યો છે. જેઓ નિયમિત અભ્યાસક્રમોમાં અભ્યાસ કરી શકતા નથી.

ઈશ્વરે અમને આગેવાનોની ટીમ આપી છે જેઓ અમારી શાળાની બાળકોની મિનિસ્ટ્રી સંભાળે છે. તે ટીમનો ફોટો નીચે છાપવામાં આવ્યો છે. કૃપા કરીને તેમને તમારી પ્રાર્થનાઓમાં ધરી રાખશો.



અમે ખાસ અમારા વહાલા પાળક એમ. મુથ્થુ, જેઓ **નહેમ્યા બાઈબલ કોલેજ**નાં અધ્યક્ષ છે, તેમની તંદુરસ્તી માટે અને ભાઈ એમ. પોલરાજ, જેઓ **ઈકો ઓફ હીજ કોલ**નાં અંગ્રેજી સહસંપાદક છે, તેમની તંદુરસ્તી ઝડપથી સુધરે તે માટે ઈશ્વરના ખાસ સ્પર્શને માટે પ્રાર્થના કરીએ છીએ. તેઓ અમારી વિવિધ પ્રવૃતિઓના સ્તંભ છે.

અમે તમારા માટે પ્રાર્થના કરીએ છીએ અને તમારા જીવનમાં મોટી બાબતોની અપેક્ષા રાખીએ છીએ.

ઈશ્વર તમને આશીર્વાદ આપો.

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**

**પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ**

(+91) 98412 71858 / 98410 71858 E.mail : samselvaraj333@gmail.com

**Our Ministries:** ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) ◆ BIBLECOR - Postal Courses (3 languages) ◆ Online Courses ◆ Theological Correspondence Courses (2 languages) ◆ Church Planting ◆ Nehemiah Bible Colleges ◆ Gospel Printing Press ◆ Great Commission Partners ◆ St. Paul's Matriculation School ◆ Crusades ◆ Community Development

(પાન ૧થી શુરુ)

વચ્ચે વારંવાર તકરાર થતી હતી. તેથી તેઓએ શાંતિપૂર્વક અલગ થવાનું નક્કી કર્યું. લોતે સદોમ તથા ગમોરાહનો ફળદ્રૂપ પ્રદેશ પસંદ કર્યો જે યર્દનના મેદાનમાં હતો.

પાંચ રાજાઓ સદોમ તથા ગમોરાહના રાજાની સામે લડાઈ કરી અને લોત તથા તેની સ્ત્રી, તેની સંપત્તિ સર્વ લૂટી ગયા. જ્યારે ઈબ્રામે તે સાંભળ્યુ કે તેઓ લોતને પકડીને લઈ ગયા છે, ત્યારે તેના ઘરના ૩૧૮ કવાયત શીખેલા નોકરોને લઈને દાન સુધી તેમની પાછળ લાગ્યો. ઈબ્રામ તથા તેના લડવૈયા નોકરોએ રાત્રે તેમની સામે ચઢાઈ કરીને તેમને હરાવ્યા ને દમસ્ક લગી તેમને પાછળ લાગ્યો અને લોતની સંપત્તિ તથા સ્ત્રીઓ તથા લોકોને પાછો લાવ્યો.

તે પાછો આવતો હતો ત્યારે શાલેમનો રાજા મલ્ખીસદેક જે પરાત્પર દેવનો યાજક પણ હતો, તે રોટલી તથા દ્રાક્ષારસ લાવ્યો અને ઈબ્રામને આશીર્વાદ આપ્યો. ઈબ્રામે તેને સર્વમાંથી દશમો ભાગ આપ્યો. (ઉત્પતિ ૧૪:૧૬-૨૦)

## મલ્ખીસદેક કોણ હતો?

મલ્ખીસદેક શાલેમનો રાજા તથા પરાત્પર દેવનો યાજક હતો. ઈબ્રામે તેને સર્વમાંથી દશમો ભાગ આપ્યો. તેનું નામ ન્યાયના રાજા તરીકે પણ અનુવાદિત થયું છે અને પછી શાલેમના રાજા તરીકે થયું છે એટલે શાંતિનો રાજા. તે પિતા, માતા, વંશાવળી વગરનો હતો અથવા તેના જીવનના શરૂઆતનો કે અંતનો કોઈ દિવસ ન હતો, પણ તેને ઈશ્વરના પુત્ર તરીકે બનાવવામાં આવ્યો હતો. તે હમેશાં યાજક તરીકે રહ્યો હતો. એમ તે ઈશ્વર દ્વારા બનાવવામાં આવેલો ન્યાયનો રાજા તથા શાંતિનો રાજા હતો. આગળ તે ઈશ્વર દ્વારા પસંદ કરાયેલ મહાન માણસ ઈબ્રામને આશીર્વાદ આપવા ઈશ્વર દ્વારા બનાવવામાં આવેલ એક અસ્તિત્વ છે. જો કે બીજા બે દાઉદ તથા ઈસુ ખ્રિસ્તને મલ્ખીસદેક દ્વારા આશીર્વાદ આપવામાં આવ્યા ન હતા, એમ લાગતું નથી, તો પણ તેમણે બે અનન્ય લાયકાતની ભૂમિકાઓ રાજા તથા યાજકની ભૂમિકાઓ પાર પાડી હતી.

## રાજાઓ અને યાજકો!

ઈશ્વરના રાજ્યમાં, પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણને આપણા ઈશ્વર આગળ રાજાઓ તથા યાજકો બનાવશે. (પ્રકટીકરણ ૧:૬) આપણી પાસે કેટલો મોટો વિશેષાધિકાર હશે!

દાઉદ રાજાએ રાજા તથા યાજકની જવાબદારીઓ પાર પાડી હતી. રાજા તરીકે તે યહોવા પ્રભુના કરારકોશને યરૂશાલેમમાં લઈ આવ્યો હતો. તે સમયે જ્યારે યાજકો કરારકોશને તેમના ખભા પર ઊંચકી લાવતા હતા, તે કરારકોશની આગળ નાચ્યો હતો. દાઉદ રાજાએ તેના શાહી વસ્ત્રો ઉતારી મૂક્યા હતા અને શણનો એફોદ પહેર્યો હતો અને આમ તે યહોવા પ્રભુની આગળ નમ્ર બન્યો હતો. એફોદ યાજકોનું વસ્ત્ર છે. દાઉદે દહનીપણ તથા શાંત્યપર્ણ ચઢાવ્યા હતા. પછી દાઉદ દ્વારા યરૂશાલેમમાં બાંધવામાં આવેલા મુલાકાતમંડપમાં કરારકોશને મૂકવામાં આવ્યો હતો. (૨ શમુએલ ૬:૧૩-૧૫). જો કે દાઉદે રાજા તથા યાજક તરીકેની જવાબદારીઓ પાર પાડી હતી, તેના દેશમાં ક્યારેય શાંતિ ન હતી. કેમ કે તે હમેશાં લડાઈમાં જ રોકાયેલો રહેતો હતો. અલબત્ત, યહોવા પ્રભુએ દાઉદને તેમના માટે મંદિર બાંધવા દિધું નહતું કેમ કે તેણે પુષ્કળ લોહી વહેડાવ્યું હતું.

## પ્રભુ ઈસુ ખ્રિસ્ત!

ઝખાર્યા ૯:૯માં આપણે ઈસુને રાજા તરીકે અને હિબ્રુઓને પત્ર ૭;૧૬, ૧૭માં પ્રમુખ યાજક તરીકે જોઈએ છીએ. સહસ્ત્રાબ્દીમાં તેઓ રાજા તથા યાજક બન્ને જવાબદારીઓ પાર પાડશે. દાઉદ રાજાએ ભવિષ્યવાણી કરી હતી, ''તું મલ્ખીસદેકના ધારા પ્રમાણે સનાતન યાજક છે. (ગીતશાસ્ત્ર ૧૧૦:૪)

## નવા કરારની સ્થાપના

જ્યારે ઈબ્રામ ૯૯ વર્ષનો હતો ત્યારે યહોવા પ્રભુએ તેને દર્શન આપ્યુ હતુ અને કહયું હતું, ''હું સર્વસમર્થ ઈશ્વર છું; મારી આગળ ચાલ અને નિર્દોષ રહે.'' આ ઈબ્રામ માટે ખરેખર ચેતવણી હતી, જેણે તેના વચનના પુત્રની રાહ જોતી વખતે સર્વ બાબતોનાં ઈશ્વરની આજ્ઞા પાળી નહિ. ઈબ્રામે નીચે મુજબની અવગણનાઓ કરી હતી. તેથી વચનમાં મોડુ થયું હતું.

૧) જ્યારે કનાન દેશમાં દુકાળ પડ્યો ત્યારે ઈબ્રામ સારાય તથા લોતને લઈને મિસરમાં ગયો. ત્યાં તેણે તેની સ્ત્રીને તેને તેનો ભાઈ કહેવા કહ્યું, કેમ કે તે ગભરાતો હતો કે મિસરીઓ તેણીને લઈ લશે કેમ કે તેણી ઘણી સુંદર હતી. જ્યારે ફારૂન રાજાએ સારાયને જોઈ ત્યારે તેણે તેણીને લીધી. તેણી કેટલોક સમય મહેલમાં રહી હતી. ફારૂને ઈબ્રામનું ધ્યાન રાખ્યુ અને તેને ઢોર, સ્ત્રી, પુરુષો ચાકરો આપ્યા હતા. તેમાંની એક દાસી હાગાર હતી. યહોવા પ્રભુએ ફારૂન પર મરકીનો માર આપ્યો હતો. ફારૂનને પોતાના પાપની ભૂલ સમજાઈ અને તેણે ઈબ્રામ અને તેના


## TAX EXEMPTION

Donations by any individual or organization from India to **Echo of His Call Educational Trust** are eligible for Income Tax exemption under Section 80G of the Income Tax Act. Official receipts will be issued for this purpose. Please make your Demand Drafts / Cheques / M.O. for such donations in favour of **Echo of His Call Educational Trust** and send to us.

| | | |
|---|---|---|
| **Account Name** | : | **ECHO OF HIS CALL EDUCATIONAL TRUST** |
| **Account Number** | : | **1023 2923 805** |
| **Bank Name** | : | **STATE BANK OF INDIA** |
| **Branch** | : | **TRIPLICANE, CHENNAI - 600 005** |
| **IFSC Code** | : | **SBIN 0000249** |
| **SWIFT Code** | : | **SBI NIN BB 455** |

લોકોને કાઢી મૂક્યા. તેણે સરાયને પાછી સોંપી. અહિં, ઈબ્રામે મિસર છોડતા પહેલા ઈશ્વરની સલાહ પૂછી નહિ.

૨) પછી યહોવા પ્રભુએ ઈબ્રામને દર્શન આપ્યુ હતું અને કહ્યુ હતું કે તેઓ તેને આશીર્વાદ આપશે; તે વખતે ઈબ્રામે કહ્યુ, કે તે નિઃસંતાન ચાલ્યો જાય છે ને તેનો દાસ અલીએઝેર તેના ઘરનો માલિક થવાનો છે. અને યહોવાએ કહ્યું કે એ તેનો વારસ નહિ થશે. પણ તેના પોતાના પેટનો જે થશે તેજ તેનો વારસ થશે. યહોવા પ્રભુએ તેને બહાર લઈ જઈને આકાશમાંના તારોઓ જોવા કહ્યું અને કહ્યુ કે તેટલાં તેના સંતાન થશે. (ઉત્પતિ ૧૫:૧-૫) જ્યારે તે ૭૫ વર્ષનો હતો ત્યારે આ વચન આવ્યું હતું.

૩) જ્યારે વચનના પુત્રનો જન્મ થયો ન હતો, ત્યારે તેઓ અધીરા થયા હતા. સારાયે તેણીની દાસી હાગારને લઈને ઈબ્રામને સોંપી. તેણે વિરોધ કર્યો નહિ. તેણે તેણીની પાસે ગયો અને તે જ્યારે ૮૬ વર્ષનો થયો હતો ત્યારે તેને દીકરો થયો, ઈશ્માએલ.

ઈશ્વર રાજી ન હતા. ઈબ્રામ ૯૯ વર્ષનો થયો ત્યાં સુધી તેમણે તેની સાથે વાત કરી ન હતી. તે સમયમાં વધુ એક સ્ત્રી કરવી તે પાપ ગણાતું ન હતું. પણ અહિં ઈબ્રામ તે બાબતનો હિમાયતી હતો, જેને ઈશ્વર દ્વારા મોટા કામો માટે પસંદ કરવામાં આવ્યો હતો. અહિં ઈબ્રામે ઈશ્વરની આજ્ઞાનું પાલન કર્યુ ન હતું.

તેથી ઈશ્વર ઈચ્છતા હતા કે ઈબ્રામ તેમની આગળ નિર્દોષ રીતે ચાલે. યહોવા પ્રભુએ કરાર કર્યો અને તેને આજ્ઞા કરી કે જે નર બાળકો તેને અને તેના વંશજોને જન્મે, તેમની આઠમા દિવસે સુન્નત કરવામાં આવે. આ કરાર લોકોની પીડા પર સ્થાપિત કરવામાં આવ્યો હતો. કરાર પ્રમાણે, યહોવા પ્રભુ તેને વધુ સમૃદ્ધિવાન કરશે. યહોવા પ્રભુએ ઈબ્રામનું નામ ઈબ્રાહિમ એમ બદલ્યું કેમ કે તે ઘણી દેશજાતિઓનો પિતા હતો. સારાયનું નામ સારા કરવામાં આવ્યું કેમ કે તેણી ઘણી દેશજાતિઓની માતા બનવાની હતી અને તેણીની કુખમાંથી ઘણા રાજાઓ જન્મ લેવાના હતા. (ઉત્પતિ ૧૭:૧-૧૬) જેમ યહોવા પ્રભુએ વચન આપ્યુ હતુ, તેમ સારાએ એક દીકરાને જન્મ આપ્યો અને તેનું નામ ઈસહાક પાડ્યું. તે સમયે ઈબ્રાહિમ ૧૦૦ વર્ષનો અને સારા ૯૦ વર્ષની થઈ હતી! ઈશ્વર માટે કંઈ પણ અશક્ય નથી!

## મોટી પરીક્ષા

હવે ઈશ્વર ઈબ્રાહિમની પરીક્ષા લેવા માગતાં હતા. યહોવા પ્રભુએ કહ્યું કે, "તારા એક માત્ર દીકરા, ઈસહાકને લઈને મોરિયા દેશમાં ચાલ્યો જા અને ત્યાં જે પર્વતો હું તને બતાવું તેઓમાંના એક પર તું તેનું દહનાર્પણ કર." આ તેના માથા પર વીજળી પડવા જેવું હશે. પણ તેને ખાતરી હતી કે જેમણે તેને દીકરો આપ્યો છે તેઓ તેને એમ જ મૂકી દેશે નહિ.

ઈબ્રાહિમ મોટી સવારે ઉઠ્યો અને તેની સાથે ઈસહાકને, દહનાર્પણને સારું લાકડા અને અગ્નિ લઈને નીકળ્યો. જ્યારે પિતા પુત્ર તે પર્વતની ટોચ પર પહોચ્યા ત્યારે ઈસહાકે તેના પિતાને પૂછ્યું કે, "દહનાર્પણને સારું ઘેટું ક્યાં છે?" ઈબ્રાહિમે કહ્યું કે, "મારા દીકરા, દહનાર્પણને વાસ્તે દેવ પોતાને સારું ઘેટું મેળવશે."

વેદી બાંધવામાં આવી અને ઈબ્રાહિમે તેના દીકરા ઈસાકને બાંધીને વેદી પર મૂક્યો! ઈબ્રાહિમે હાથ લાંબો કર્યો અને તેના દીકરાને મારવાને છરો લીધો. ત્યારે યહોવા પ્રભુના દૂતે તેને હાંક મારીને કહ્યું, "ઈબ્રાહિમ, ઈબ્રાહિમ, તું તારા છોકરા પર તારો હાથ ન નાખ; કેમ કે તે તારા એકના એક દીકરાને મારાથી પાછો રાખ્યો નથી તેથી હું જાણું છું કે તું દેવથી બીહે છે." પવિત્રશાસ્ત્ર કહે છે કે, જ્યારે ઈશ્વરે તેના દીકરાને માગ્યો ત્યારે તેણે આપ્યો, વિશ્વાસથી કે ઈશ્વર તેને ઉઠાડવાને સમર્થ છે. મૂએલામાંથી પણ અને પૂનરુત્થાનના દ્રષ્ટાંત પ્રમાણે તે તેને પાછો મળ્યો પણ ખરો." (હિબ્રુઓને પત્ર ૧૧:૧૭-૧૯). 'ઈબ્રાહિમે દેવ પર વિશ્વાસ કર્યો અને એ વિશ્વાસ તેને લેખે ન્યાયીપણા તરીકે ગણાયો." (ગલાતીઓને પત્ર ૩:૬)

આદમ જેનું સર્જન ઈશ્વરે કર્યુ હતું, તે આજ્ઞાભંગને કારણે નિષ્ફળ ગયો હતો. નૂહ અને તેની પેઢી નિષ્ફળ ગઈ હતી. (નૂહ ન્યાયી હતો) તેથી ઈશ્વરે ખાલ્દીઓના

....Contd. to page 6


# નહેમ્યાહ બાઈબલ

**નીવાસી અને સાંધ્ય કોલેજ**

**વેલાચેરી / ચેપોક તથા સંથોષપૂરમ, ચૈનાઈ**

**माध्यम : हिंदी/तामिल**

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર – ATA

આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો દ્વારા છેલ્લા ૫૩ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.

**ઇશ્વર વિદ્યામાં સર્ટીફિકેટ : એક વર્ષ**

**ઇશ્વર વિદ્યામાં ડિપ્લોમા : બે વર્ષ**

**શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ**

પ્રવેશ લેવા ઝડપ કરો! મહેરબાની કરીને સંપર્ક કરો

**Contact : The Chairman, Nehemiah Bible College.**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

★ ઓનલાઈન ક્લાસ ઉપલબ્ધ છે ★

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

## સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૨ થી ૧૮ માર્ચ ૨૦૨૨ સુધી

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



### ઈશ્વર કાર્ય કરે છે. સ્તુતિનાં મુદ્દાઓ

| | |
|---|---|
| ૧૯ ફેબ્રુઆરી | : અમારી મુખ્ય મંડળને તેમના મિશન દ્રષ્ટિવાળા સભ્યો સાથે આશીર્વાદ આપવા માટે ઈશ્વરની સ્તુતિ થાઓ. |
| ૨૦ ફેબ્રુઆરી | : ૧૯૬૯થી અમારી સામયિક મિનિસ્ટ્રીજમાંની અમારી સેવા પર તેમના ભરપૂર આશીર્વાદો માટે ઈશ્વરનો આભાર. |
| ૨૧ ફેબ્રુઆરી | : અમારા **બાઈબલકોર** તથા **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો** માટે નવા વિદ્યાર્થીઓ પૂરા પાડવા બદલ ઈશ્વરનો આભાર. |
| ૨૨ ફેબ્રુઆરી | : અમારા **ઈકો ઓફ હીજ કોલ**ના સહસંપાદકો તથા તેમના પરિવારો માટે ઈશ્વરની સ્તુતિ થાઓ. |
| ૨૩ ફેબ્રુઆરી | : અમારી **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન શાળાના** આચાર્ય, શિક્ષકો તથા અન્ય કર્મચારી સભ્યો માટે ઈશ્વરની સ્તુતિ થાઓ. |
| ૨૪ ફેબ્રુઆરી | : આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવન ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારોને અને તેમના કુટુંબના સભ્યોને માટે ઈશ્વરની સ્તુતિ કરીયે. |
| ૨૫ ફેબ્રુઆરી | : અમારા કાર્યકરો પર તેમના ભરપૂર આશીર્વાદો માટે ઈશ્વરની સ્તુતિ થાઓ. |
| ૨૬ ફેબ્રુઆરી | : સર્વ મંડળીઓના પાળકો તથા સભ્યો માટે ઈશ્વરની સ્તુતિ થાઓ. |
| ૨૭ ફેબ્રુઆરી | : અમારા છાપખાનામાં **ઈકો ઓફ હીજ કોલ** (૧૬ ભાષાઓમાં) અમે છાપી શકીએ છીએ માટે ઈશ્વરની સ્તુતિ થાઓ. |
| ૨૮ ફેબ્રુઆરી | : પાછલા મહિનાની અમારી સર્વ જરૂરીયાતો પૂરી પાડવા બદલ ઈશ્વરની સ્તુતિ થાઓ. |
| ૦૧ માર્ચ | : અમારા **સુવાર્તા છાપખાનાં** માટે સારા કર્મચારીઓ સાથેના તેના સતતના કાર્ય માટે ઈશ્વરની સ્તુતિ કરીએ. |
| ૦૨ માર્ચ | : અમારી હિન્દી ઓનલાઈન ઈશ્વરવિદ્યા અભ્યાસક્રમો, પર તેમના આશીર્વાદો માટે ઈશ્વરનો આભાર. |
| ૦૩ માર્ચ | : ઈશ્વર પ્રભુ અમારા વડિલ પાળક એસ. સામ. સેલ્વરાજ તથા તેમના કુટુંબને સર્વ દુષ્ટ પરિબળોથી રક્ષણ આપે છે. |

### પ્રાર્થનાનાં મુદ્દાઓ / વિનંતીઓ

| | |
|---|---|
| ૦૪ માર્ચ | : સર્વ ખ્રિસ્તી સંસ્થાઓ પર આશીર્વાદ માટે અને તેમની સુરક્ષા માટે પ્રાર્થના કરીએ. |
| ૦૫ માર્ચ | : સર્વ દેશોની એકતા અને શાંતિ માટે પ્રાર્થના છીએ. |
| ૦૬ માર્ચ | : આપણા કર્મચારી સભ્યોની તંદુરસ્તી માટે પ્રાર્થના કરીએ. |
| ૦૭ માર્ચ | : ભારતના વણખેડાયેલા વિસ્તારોમાં અમે સુવાર્તાના ે ફેલવો કરી શકીએ માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ. |
| ૦૮ માર્ચ | : અમારા ભાગીદારો અને રાજ્ય કો-ઓર્ડીનેટરો માટે પ્રાર્થના કરીએ. |
| ૦૯ માર્ચ | : અમારા અંગ્રેજી સહસંપાદક ભાઈ એમ. પોલરાજની તંદુરસ્તી માટે પ્રાર્થના કરીએ. |
| ૧૦ માર્ચ | : અમારી સર્વ મિનિસ્ટ્રીયલ પ્રવૃત્તિઓ માટે પ્રાર્થના કરીએ.. |
| ૧૧ માર્ચ | : દુનિયાની સર્વ મહિલાઓ તથા બાળકોની સલામતી માટે ઈશ્વર પ્રભુને પ્રાર્થના કરીએ. |
| ૧૨ માર્ચ | : આ મહિનાની અમારી સર્વ જરૂરીયાતો પૂરી પાડવા માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ. |
| ૧૩ માર્ચ | : દુનિયામાંથી કરોના વાઈરસની સંપૂર્ણ નાબૂદી માટે ઈશ્વરની દયા માટે પ્રાર્થના કરીએ. |
| ૧૪ માર્ચ | : આ ૨૦૨૨ના નવા વરસમાં ઈશ્વરની દયા માટે પ્રાર્થના કરીએ. |
| ૧૫ માર્ચ | : આપણા દેશ પર અને તેના આર્થિક વિકાસ પર તેમના આશીર્વાદો પ્રાપ્ત કરવા માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ. |
| ૧૬ માર્ચ | : દુનિયાના સર્વ દેશોના લોકોની સલામતી માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ. |
| ૧૭ માર્ચ | : આમ્રીકોન મહામારીથી આપણ દરેક જણને સહીસલામત રાખવા માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ. |
| ૧૮ માર્ચ | : આપણા વડિલ પાળક એસ. સામ. સેલ્વરાજ તથા તેમના કુટુંબના સભ્યોને દરેક પ્રકારના દુષ્ટ પરિબળોથી સુરક્ષિત રાખે માટે પ્રાર્થના કરીએ. |

....Contd. from page 4

દેશમાંથી એક ન્યાયી માણસની પસંદગી કરી જેના વંશજો ધાર્મિક હોય જે પેઢી દર પેઢી તેમની સેવા કરે. (ગીતશાસ્ત્ર ૨૨:૩૦) તેથી ઈબ્રાહિમને દાઉદ રાજા તથા ઈસુ ખ્રિસ્તની સાથે મૂકવામાં આવ્યો હતો! એક મોટો માણસ!

## દાઉદ રાજા!

ઈશ્વર ઈસ્રાએલ લોકો માટે રાજા હતા અને શમુએલ છેલ્લો ન્યાયધીશ તથા પ્રબોધક હતો. ઈસ્રાએલ પ્રજા શમુએલ પાસે આવી અને તેમને દોરવા માટે અને તેમની વતી લડવા માટે બીજા દેશોની જેમ રાજાની માગણી કરી. શમુએલ ખુશ ન હતો. યહોવા પ્રભુએ શમુએલને કહ્યું, "લોકો તને જે કહે છે તે સર્વમાં, તું તેમનું કહેવું સાંભળ; કેમ કે તેઓએ તને નકાર્યો નથી પણ હું તેઓ પર રાજ ન કરું માટે મને નકાર્યો છે." (૧ શમુએલ ૮:૭). તેથી કીશનો દીકરા શાઉલ જે બિન્યામીની હતો, તેને ઈસ્રાએલના રાજા તરીકે પસંદ કરવામાં આવ્યો હતો.

યહોવા પ્રભુએ શમુએલ સાથે વાત કરી અને શાઉલને અમાલેકીઓને શિક્ષા કરવાની આજ્ઞા કરી હતી, જેઓએ ઈસ્રાએલને, જ્યારે તેઓ મિસરમાંથી કનાન આવતા હતા, ત્યારે માર્ગમાં રાહ જોવડાવી હતી. ઈશ્વર ઈચ્છતા હતા કે શાઉલ તેમનો સમૂળગો નાશ કરે અને કંઈપણ બાકી ન રાખે. શાઉલે તથા તેના સૈન્યએ અમાલેકીઓ પર હુમલો કર્યો અને તેના રાજા અગાગને જીવતો પકડ્યો અને સર્વ લોકોને પૂરેપૂરા મારી નાખ્યા. તેમણે અગાગને જીવતો રાખ્યો અને તેના ઘેટાં, બળદો તથા પુષ્ટ જનાવરોમાંથી ઉત્તમને બચાવી રાખ્યા. તેમણે નકામી તથા નાખી દેવાની દરેક ચીજનો પૂરો નાશ કર્યો.

યહોવા પ્રભુનું વચન શમુએલ પર આવ્યું અને યહોવા પ્રભુએ કહ્યું, "મેં શાઉલને રાજા ઠરાવ્યો છે એથી મને અનુતાપ થાય છે; કેમ કે મને અનુસરવાનું તેણે મૂકી દીધું છે, ને મારી આજ્ઞાઓ પાળી નથી. "(૧ શમુએલ ૧૫:૧૧). જ્યારે શાઉલે શમુએલને જોયો ત્યારે તેણે કહ્યું કે તેણે યહોવા પ્રભુની આજ્ઞા પૂરેપૂરી પાળી છે. ત્યારે શમુએલ કહ્યું કે, "ત્યારે મારે કાને ઘેટાંની જે બેં બેં પડે છે, ને બળદનું જે બરાડવું હું સાંભળું છું, તેનો અર્થ શો છે?" (૧ શમુએલ ૧૫:૧૪). શાઉલે તેને કહ્યું કે તે તેણે યહોવા પ્રભુની આગળ યજ્ઞ કરવા સારું બચાવ્યા છે. પણ શમુએલે કહ્યું, "પોતાની વાણી પળાયાથી યહોવા જેટલો રાજી થાય છે, તેટલો દહનાર્પણો તથા યજ્ઞોથી તે થાય છે શું? જો યજ્ઞ કરતા આજ્ઞાપાલન સારું છે. અને ઘેટાંની ચરબી કરતાં વચન માનવું સારું છે. કેમ કે દંગો એ જોષ જોવાના પાપ જેવો છે, ને હઠીલાઈ એ દુષ્ટતા તથા મૂર્તિપૂજા જેવી છે. તે યહોવાનું વચન નકાર્યુ છે, માટે તેણે પણ તને રાજા તરીકે નકાર્યો છે." (૧ શમુએલ ૧૫:૨૨,૨૩).

## દાઉદનો રાજા તરીકે અભિષેક!

શમુએલ શાઉલને માટે શોક કરતો હતો. યહોવા પ્રભુએ શમુએલને કહ્યું, "ક્યાં સુધી તું શાઉલને માટે શોક કરશે? તારું શિંગ તેલથી ભરી જા, યશાઈ બેથલેહેમી પાસે અને તેના દીકરાઓમાંથી એકનો અભિષેક કર." તેથી શમુએલ બેથલેહેમ ગયો અને પસંદગીની પ્રક્રિયા શરૂ કરી. યશાઈને આઠ દીકરા હતા. અન છેલ્લો દાઉદ હતો, જે તેના બાપના ઘેટાં ચરાવવા મેદાનમાં ગયો હતો. શમુએલ પહેલા દીકરા અલીઆબથી પ્રભાવિત થયો હતો. પણ યહોવા પ્રભુએ કહ્યું, "તેના મોં તરફ તથા તેના શરીરની ઊંચાઈ તરફ ન જો; કેમ કે મેં એને નાપસંદ કર્યો છે; કારણ કે માણસ જેમ જુએ છે તેમ યહોવા જોતો નથી; કેમ કે માણસ બહારના દેખાવ તરફ જુએ છે, પણ યહોવા હૃદય તરફ જુએ છે." (૧ શમુએલ ૧૬:૭). સર્વે દીકરાઓને તેની આગળ ચલાવવામાં આવ્યા પણ કોઈ પસંદ થયો નહિ. પછી દાઉદને મેદાનમાંથી તેડી મંગાવવામાં આવ્યો. "તે છોકરો લાલચોળ... તથા દેખાવમાં ફૂટડો હતો." યહોવા પ્રભુએ કહ્યું કે ઊઠીને એનો અભિષેક કર, કેમ કે એ જ તે છે. શમુએલે તેના ભાઈઓની વચમાં દાઉદનો અભિષેક કર્યો અને યહોવા પ્રભુનો આત્મા તેના પર આવ્યો. જો કે દાઉદનો ઈસ્રાએલના રાજા તરીકે અભિષેક થયો હતો, તો પણ શાઉલ હજી રાજા તરીકે રાજ કરતો હતો.

## દાઉદે ગોલ્યાથને માર્યો!

તે દિવસોનાં પાલિસ્તીઓ ઈસ્રાએલ પર ચઢી આવ્યા અને સોખોહ તથા અઝેકાહની વચ્ચે છાવણી નાખી હતી. ઈસ્રાએલીઓએ તેમની વિરુદ્ધ એલાહની ખીણમાં એકઠા થઈને વ્યૂહ રચ્યો. જ્યારે બન્ને સૈન્યો એકબીજાની વિરુદ્ધ લડવા આવ્યા ત્યારે પલિસ્તીઓની છાવણીમાંથી ગોલ્યાથ નામનો એક યોદ્ધો આગળ આવ્યો, જેની ઊંચાઈ ૯.૭૫ ફીટની હતી. તેણે ઈસ્રાએલીઓને તેની સામે લડવા એક જણને મોકલવા પડકાર આપ્યો. તે તેની છાવણીમાંથી રોજ આવતો અને ૪૦ દિવસો સુધી સવાર સાંજ તેમને પડકાર આપતો.

ઈસ્રાએલ લોકો કોઈને તે પલિસ્તી સામે યુદ્ધમાં ઉતારી શક્યા નહિ અને તેઓ સઘળાં ડરી ગયા હતા. યશાઈના ત્રણ દીકરાઓ ઈસ્રાએલની છાવણીમાં હતા. દાઉદ તેના બાપ પાસેથી તેમને સારું ખાવાનું લઈને તેમને મળવા જતો. દાઉદે તે પલિસ્તીને જોયો જે પડકાર આપતો હતો અને યહોવા પ્રભુનો તિરસ્કાર કરતો હતો. શાઉલે જાહેર કર્યું હતુ કે જે માણસ તે પલિસ્તીને મારી નાખશે, તેને રાજા ઘણું દ્રવ્ય આપશે અને તેની સાથે તેની દીકરીને પરણાવશે. (૧ શમુએલ ૧૭:૨૬)

દાઉદના ભાઈઓ તેના પર ગુસ્સે થયા કેમ કે તે પલિસ્તીના પડકાર વિશે વાત કરતો હતો. પણ દાઉદ નિરુત્સાહ થયો નહિ. દાઉદે શાઉલને કહ્યું, "કોઈ પણ માણસનું હૃદય તેને લીધે ઉદાસ ન થાઓ; તારો સેવક જઈને એ પલિસ્તી સાથે લડશે." (૧ શમુએલ ૧૭:૩૨). તેણે એમ પણ કહ્યું કે, "તારા સેવકે સિંહ તથા રીંછ એ બન્નેને મારી નાખ્યા; અને આ બેસુન્નત પલિસ્તીના હાલ પણ એ બેમાંના એકના જેવા થશે, કેમ કે તેણે જીવતા દેવનાં સૈન્યનો તિરસ્કાર કર્યો છે." (૧ શમુએલ ૧૭:૩૬). દાઉદને તે પલિસ્તીને હરાવવાનો આત્મવિશ્વાસ હતો ને શાઉલે દાઉદને કહ્યું, "જા, યહોવા તારી સાથે હોજો."

શાઉલે દાઉદને તેનું કવચ પહેરાવ્યું, કેમ કે તેણે તેનો અનુભવ કરી જોયો ન હતો, તેથી તેણે તે સર્વ તેના અંગ પરથી ઉતારી મૂક્યા ને નાળામાંથી પાંચ સુવાળા પથરા વીણી લીધા, ને તેની ભરવાડની ઝોળીમાં મૂક્યા, તેની ગોફણ તેના હાથમાં હતી અને પછી તે પલિસ્તી ભણી ચાલ્યો. ગોલ્યાથે દાઉદના તેની ઊંચાઈ અને કદને કારણે તિરસ્કાર કર્યો. ગોલ્યાથે દાઉદને પોતાના દેવોને નામે શાપ દીધો. તેણે દાઉદને કહ્યું કે તે તેનું માંસ વાયુચર પક્ષીઓને તથા વનચર પશુઓને આપશે.

દાઉદે કહ્યું, "તું તરવાર, ભાલો ને બરછી લઈને મારી સામે આવે છેઃ પણ હું સૈન્યોનો યહોવા, ઈસ્રાએલના સૈન્યોનો દેવ, જેનો તેં તિરસ્કાર કર્યો છે, તેને નામે તારી સામે આવું છું... આજે યહોવા તને મારા હાથમાં સોંપશે; અને હું તને મારીશ, ને તારું માથું તારા ધડથી જુદું કરીશ... કેમ કે લડાઈ તો યહોવાની છે, ને તે તમને અમારા હાથમાં સોંપી દેશે." (૧ શમુએલ ૧૭:૪૫-૪૭)

દાઉદે પથ્થર કાઢ્યો અને ગોફણમાં વીંઝીને તે પલિસ્તીને કપાળમાં માર્યો. તે પથ્થર તેના કપાળમાં પેસી ગયો ને તે ઊંધે મોઢે જમીન પર પડ્યો! દાઉદ દોડીને તે પલિસ્તી પર ઊભો રહ્યો, તેની તરવાર કાઢી અને તેનું ડોકું કાપી નાખ્યું. જ્યારે પલિસ્તીઓએ જોયું કે તેમનો યોદ્ધો મરણ પામ્યો છે ત્યારે તેઓ નાઠા. ઈસ્રાએલના તથા યહૂદિયાના માણસોએ પલિસ્તીઓને નસાડી મૂક્યા. દાઉદે ગોલ્યાથનું માથુ લઈને તે યરૂશાલેમમાં આણ્યું.

તે દિવસ ઈસ્રાએલ માટે વિજયનો તથા ઉજવણીનો હતો. સ્ત્રીઓ ગાતી ગાતી તથા નાચતી નાચતી સર્વ નગરોમાંથી નીકળી આવી. તેઓ કહેતી હતી કે,

શાઉલે સહસ્રોને, અને દાઉદે દશ સહસ્રોને સંહાર્યા છે.

એથી શાઉલને ઘણો ક્રોધ ચઢ્યો અને તેને ખોટું લાગ્યું. તેણે દાઉદને તે દિવસથી નજરમાં રાખ્યો. ત્યારથી જ્યારે પણ દાઉદને વધુ માન આપવામાં આવતું, તે તેને પચાવી શકતો નહિ. દાઉદ થોડા માણસો સાથે નાસી ગયો અને ખડકોમાં તથા ગૂફાઓમાં રહેવા લાગ્યો. બે વખત દાઉદ શાઉલને મારી નાખી શકે એવો લાગ તેને મળ્યો હતો પણ તેણે શાઉલને નુકસાન કરતા પોતાને રોક્યો હતો. તેણે તેના માણસોને કહ્યું, "મારો હાથ તેની વિરુદ્ધ લંબાવીને મારા મુરબ્બી એટલે યહોવાના અભિષિક્ત પ્રત્યે હું એનું કામ કરું, એવું યહોવા ન થવા દો. કેમ કે તે યહોવાનો અભિષિક્ત છે." (૧ શમુએલ ૨૪:૬)

ત્યાર પછી દાઉદ ઝીફના અરણ્યમાં ગયો. શાઉલનાં માણસો તેની પાછળ પડ્યા હતા. દાઉદ શાઉલની નજીક આવ્યો હતો. પણ દાઉદે તેના માણસોને કહ્યું કે યહોવા પ્રભુના અભિષિક્ત પર હાથ ઉઠાવવો નહિ! આ સમય દરમિયાન શમુએલ મરણ પામ્યો હતો અને તેને રામાહમાં દાટવામાં આવ્યો હતો.

જ્યારે પલિસ્તીઓ તેની સામે શૂનેમમાં ચઢી આવ્યા ત્યારે શાઉલના ખરાબ દિવસો શરૂ થયા. શાઉલ તેનું ભવિષ્ય જાણવા માગતો હતો અને તેથી તે એક મેલીવિદ્યા જાણનાર સ્ત્રી પાસે ગયો. પણ તેને ખરાબ સમાચાર મળ્યા. લડાઈ શરૂ થઈ અને તે લડાઈમાં શાઉલ તથા તેના દીકરાઓ માર્યા ગયા. દાઉદ ત્યારે સિકલાગમાં હતો.

દાઉદે પછી યહોવા પ્રભુની સલાહ પૂછી કે "શું હું યહૂદિયાના કોઈ નગરમાં જાઉ?" યહોવા પ્રભુએ તેને હેબ્રોનમાં જવા કહ્યું. હેબ્રાનમાં યહુદિયાના માણસો તેની પાસે આવ્યા અને ત્યાં તેઓએ દાઉદને યહૂદાના કુળ પર રાજા તરીકે અભિષિક્ત કર્યો. દાઉદ ત્યારે ૩૦ વર્ષની વયનો હતો. ઘણુ ફર્યા પછી ઈસ્રાએલના ઘરના દાઉદને મળવા આવ્યા અને તેની સાથે કરાર કર્યો. તેઓએ દાઉદને સર્વ ઈસ્રાએલ પર રાજા તરીકે પસંદ કર્યો. દાઉદે ઈસ્રાએલ પર ૪૦ વર્ષો સુધી રાજ કર્યું હતું! દાઉદ તથા તેના માણસોએ યરૂશાલેમ પર ચઢાઈ કરી, તેને જીતી લીધું અને તેને આખા ઈસ્રાએલની રાજધાની બનાવી હતી.

ખરેખર તો, દાઉદ યહોવા પ્રભુની ઈસ્રાએલ પરના રાજા તરીકેની ખરી પસંદગી હતી. યહોવા પ્રભુએ ઈસ્રાએલને તેમના આગ્રહને કારણે શાઉલની પસંદગી કરવાની મંજૂરી આપી હતી. તે ઈશ્વરની ઈચ્છા ન હતી.

## દાઉદના ગુણો!

૧) દાઉદે સર્વ બાબતોમાં યહોવા પ્રભુની જ સ્તુતિ કરી હતી. તેણે ઈશ્વરના મહિમા માટે ૭૩થી વધુ ગીતશાસ્ત્રો રચ્યા હતા.

૨) જ્યારે તેને અબીમેલેખે પલિસ્તીના દેશમાં રહેવાની રજા આપી ન હતી. ત્યારે પણ દાઉદે યહોવા પ્રભુની સ્તુતિ કરી હતીઃ "હું સર્વ સમયે યહોવાને ધન્યવાદ આપીશ; મારે મુખે તેની સ્તુતિ નિરંતર થશે." (ગીતશાસ્ત્ર ૩૪:૧)

૩) તેને રાજા બતાવવા માટે તે યહોવા પ્રભુનો આભારી હતો. "દુઝણી ઘેટીઓની પાછળ ફરતો હતો ત્યાંથી તેના લોક યાકૂબનાં સંતાનનું તથા તેના વારસા ઈસ્રાએલનું પાલન કરવા તે તેને લાવ્યો. તેણે પોતાના હૃદયની નિર્દોષતાથી તેઓનું પાલન કર્યું; અને પોતાના હાથના ચાતુર્યથી તેઓને ચલાવ્યા." (ગીતશાસ્ત્ર ૭૮:૭૧,૭૨)

૪) યહોવા પ્રભુએ કહ્યું કે દાઉદ મારો મનગમતો એક માણસ છે, તે મારી બધી ઈચ્છા પૂરી કરશે. (પ્રેરિતોના કૃત્યો ૧૩:૨૨)

૫) દાઉદે લગભગ સર્વ પડોશી દેશોને હરાવ્યા હતા અને તેમને ખંડણી આપવા મજબૂર કર્યા હતા. તે ક્યારેય ઈશ્વરની સલાહ લીધા વગર લડાઈનાં ગયો ન હતો. યહોવા પ્રભુ તેને માટે લડતા હતા.

૬) તે જૂવાન હતો ત્યારે તેણે સિંહ તથા રીંછ બન્નેને પોતાના હાથથી મારી નાખ્યા હતા જ્યારે તેઓ તેના ઘેટાંને મારવા આવ્યા હતા. ઈસુએ કહ્યુ, "હું ઉત્તમ ઘેટાપાળક છું. ઉત્તમ ઘેટાપાળક ઘેટાંને સારું પોતાનો જીવ આપે છે." આ તેના વલણથી પ્રભાવિત થઈને યહોવા પ્રભુએ તેને રાજા બનાવ્યો હતો.

૭) તેણે તેની પ્રજાને એક જવાબદાર સરકાર પૂરી પાડી હતી અને તે ઈસ્રાએલનો શ્રેષ્ઠ રાજા હતો. તેના દિવસોમાં લોકો ખૂશ હતા.

૮) યહોવો પ્રભુએ તેને વચન આપ્યુ હતુ કે તેના મરણ પછી તેની કૂખમાંથી નીકળેલા બીજને યહોવા પ્રભુ રાજા બનાવશે અને યહોવા પ્રભુ તેનુ રાજ્ય સ્થાપશે. તે યહોવા પ્રભુના નામની ખાતર મંદિર બાંધશે અને યહોવા પ્રભુ તેનુ રાજ્ય સદાકાળ માટે સ્થાપશે.

૯) તો પણ, દાઉદ ડાઘ વગરનો ન હતો. તે બાથશેબાની સાથે અધમ ગૂનામાં સંડોવાયો હતો. એક હિતી સ્ત્રી જે તેના મહેલની પાસે રહેતી હતી. તેણીનો ધણી લડાઈમાં ગયો હતો. જ્યારે દાઉદ રાજમહેલના ધાબા પર ફરતો હતો, ત્યારે તેણે તે સ્ત્રીને સ્નાન કરતાં દીઠી. તેની નજર તેણી પર બગડી હતી. તે તેણીની સાથે સૂઈ ગયો અને તેણીને પાછી મોકલી. જ્યારે તેને ખબર પડી કે તેણી ગર્ભવતી થઈ છે ત્યારે દાઉદ બેચન બન્યો અને તેણીના ધણીથી છૂટકારો મેળવવા માગતો હતો. તેણે તે કપટથી કર્યુ. નાથાન પ્રબોધકે રાજા આગળ તેનો ગૂનો કહી બતાવ્યો. દાઉદે ગૂનો કબૂલ કર્યો, રડ્યો અને શોક કર્યો. પણ રાજાએ ઈશ્વર પાસેથી સજા સ્વીકારવાની હતી, જો કે તે તેમના હૃદયની પાસે હતો. સજા ઘણી સખત હતી. દાઉદે પોતાનું પાપ કબૂલ કર્યું અને યહોવા પ્રભુ આગળ માફી માંગી. યહોવા પ્રભુએ તેમની ભરપૂર કૃપાથી તેને માફ કર્યો.

દાઉદ રાજા સર્વ રીતે ઈસ્રાએલનો શ્રેષ્ઠ રાજા હતો. તેના સર્વ વ્યસ્ત ભારે કામો છતાં, તે હમેશા યહોવા પ્રભુના માર્ગમાં જ ચાલ્યો હતો. તે રાજા હતો અને થોડા સમય માટે યાજક પણ હતો. જ્યારે યહોવા પ્રભુનો કરારકોશ યરૂશાલેમનાં લાવવામાં આવ્યો હતો. દાઉદ ઈસુ ખ્રિસ્તની વંશાવળીમાં ખાસ જગા માટેનો હકદાર હતો.

## ઈસુ ખ્રિસ્ત!

ઈસુ ખ્રિસ્ત ઈશ્વર છે. તેઓ ત્રિએક પરમેશ્વરમાંના એક ઈશ્વરના દીકરા છે. તેઓ એ મસીહા છે જે રાજાઓના રાજા તથા પ્રભુઓના પ્રભુ હતા. તેઓ રાજા તથા પ્રમુખ યાજક બન્ને છે. આ જગતના પાપ માટે બલિદાનના હલવાન તરીકે તેઓ આ જગતમાં આવ્યા. બીજી વાર તેઓ રાજા અને પ્રમુખ યાજક તરીકે મલ્ખીસદેકના બન્ને લક્ષણો લઈને આવશે. તેઓ મલ્ખીસદેક કરતા પણ મોટા છે, જેની શરૂઆત નથી તેમજ અંત પણ નથી. પુનરુત્થાન પામેલા ઈસુ હવે ઈશ્વરના જમણે હાથે બીરાજમાન છે. (ગીતશાસ્ત્ર ૧૧૦:૧)

## ઈસુને સર્વ અધિકારો આપવામાં આવ્યા છે!

પિતાએ ઈસુને આ જગતનો ન્યાય કરવાનો અધિકાર આપ્યો છે. (યોહાન ૫:૨૨). ઈસુ જાણતા હતા કે પિતાએ તેમના હાથમાં સર્વ બાબતે આપી છે અને તેઓ ઈશ્વર વતી આવ્યા હતા અને ઈશ્વર પાસે પાછા જવાના છે. તેમણે પોતાને નમ્ર કરતા તેમના શિષ્યોના પગ ધોયા. (યોહાન ૧૩:૩-૫). પુનરુત્થાન પામેલા ઈસુએ તેમના શિષ્યો આગળ જાહેર કર્યુ કે, ''આકાશમાં તથા પૃથ્વી પર સર્વ અધિકાર મને અપાયો છે. એ માટે તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો; બાપ તથા દીકરા તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ.'' (માથ્થી ૨૮:૧૮,૧૯)

## ઈસુ ફરી આવશે!

હાબેલના દિવસથી યોહાન બાપ્તિસ્મીના દિવસો સુધીના સર્વ ન્યાયી મૃત્યુ પામેલા હવે સ્વર્ગમાં વિસામો પામશે. તેવી જ રીતે ઈસુમાં જેઓ ઊંઘી ગયેલા છે, તેઓ પણ કસોટીના દિવસે વિસામો પામશે. પવિત્રશાસ્ત્ર કહે છે, ''કેમ કે પ્રભુ પોતે ગર્જનાસહિત, પ્રમુખ દૂતની વાણીસહિત તથા દેવના રણશિંગડાસહિત આકાશમાંથી ઊતરશે; અને ખ્રિસ્તમાં જેઓ મૂએલા છે તેઓ પ્રથમ ઊઠશે; પછી આપણામાંના જેઓ જીવતાં રહેનારાં છીએ, તેઓ ગગનમાં પ્રભુને મળવા સારું તેઓની સાથે વાદળાંમાં તણાઈ જઈશું; અને એમ સદા પ્રભુની સાથે રહીશું.'' (થેસ્સલોનિકીઓને પત્ર ૪:૧૬-૧૭).પુનરુત્થાન પછી, પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણને આકાશમાં દોરી લઈ જશે!

પ્રભુના અગમનનો સમય કોઈ જાણતું નથી. ફક્ત પિતા જ જાણે છે. કેટલાક કહે છે કે ખ્રિસ્તવિરોધી ઊભો થયા પછી પ્રભુનું આગમન થશે કેમકે પસંદ કરાયેલા તેને અને તેના છેતરપિંડીના રાજનો સામના કરશે નહિ. કેટલાક ૨ થેસ્સલોનિકીઓને પત્ર ૨:૩નો સંદર્ભ આપે છે અને કહે છે તે દિવસ ત્યાં સુધી નહિ આવે જ્યાં સુધી પ્રભુનો દહાડો ન આવે અને પાપનો માણસ એટલે વિનાશનો પુત્ર પ્રગટ થશે, ત્યાં સુધી. ગમે તે હોય, મરણ પામેલા ન્યાયીઓને અને જેઓ ખ્રિસ્તમાં મરણ પામ્યા છે અને ખ્રિસ્તમાં જીવે છે, તેમને લેવા ઈસુ આવી રહ્યા છે. આ એક સમુહ છે. આ આદમથી લઈને ૬૦૦૦ કરતાં વધારે વર્ષોના સમયગાળામાં પ્રભુના આવવા સુધી જગતની શરૂઆતથી પ્રભુનું ફળ છે.

ઈશ્વરના રાજ્ય માટે, પ્રભુ ઈસુ એક બીજા સમૂહ પર નજર રાખે છે. આ ૧૨ કુળના દરેકમાંથી ૧૨૦૦૦ પ્રમાણે ૧:૪૪ લાખ છે, દરેક જેઓ તેમના કપાળ પર દૂતો દ્વારા મુદ્રિત થયા છે. (પ્રકટીકરણ ૭:૧-૮). આ યાદીમાં દાનનું કુળ નથી કેમ કે તેઓ મૂર્તિપૂજામાં પડ્યા હતા. (ઉત્પતિ ૪૯:૧૭, ન્યાયધીશો ૧૮:૩૦, ૧ રાજાઓ ૧૨:૨૮, ૨૯) તો પણ કુલ આંકડો, ૧૨ જ રહે છે કેમ કે તેમાં મનાશ્શાના કુળને ઉમેરવામાં આવ્યું છે. પ્રભુ આ ૧.૪૪ લાખ જે ઈસ્રાએલપુત્રોના કુળોમાંથી છે, તેમને ખાસ માનશે અને તેમને સહસ્રાબ્દીમાં વધવા દેશે. ૮ જણના કુટુંબમાંથી (નૂહના) ૪૦૦૦ કરતા વધુ વર્ષોમાં ૭૦૦ કરોડથી વધુ થયા હતા. (૨૦૦૧ + ૨૦૦૦). એટલે કે નૂહથી આજ સુધી! તેથી જ્યારે રાજાઓના રાજા તથા પ્રભુઓના પ્રભુ રાજ કરશે ત્યારે આ ૧.૪૪ લાખ ૧૦૦૦ વર્ષના સમયગાળામાં ૭૦૦ કરોડ કરતાં વધુને ઉત્પાદિત કરશે. સહસ્રાબ્દીમાં, જેઓ પહેલેથી જ પસંદ કરાયેલા છે, તેઓ દૂતોની જેમ નિરીક્ષકો હશે. તેથી, ઈશ્વરના રાજ્ય માટે, પહેલેથી પસંદ કરાયેલા અને ૧.૪૪ લાખમાંથી જેઓ વધુ વધ્યા છે. તેઓ એક મોટો સમૂહ બનશે. આ મોટા મેળાવડાને જોઈને ઈશ્વરપિતા તથા ઈશ્વરપુત્ર આનંદ કરશે. તેથી દરક સ્તરે, ઈસુ ખ્રિસ્ત રાજા, તથા પ્રમુખ યાજક, મલ્ખીસદેક કરતા વધુ પ્રેમ અને માનનો આનંદ લેશે. પ્રભુ આપણને અદ્દભૂત દેશમાં, ઈશ્વરના રાજ્યમાં લઈ જાઓ. (અનંતકાલિક રાજ્યમાં)!

*****



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

### મારી પૃષ્ઠભૂમિ

આપણા માસિક સામયિક, ઈકો ઓફ હીજ કોલમાં, અમે એક લેખ, જેનું શિર્ષક છે, ''ખાડામાંથી મહેલમાં,'' તેને ઘણા વર્ષોથી પ્રકાશિત કરીએ છીએ. તેમાં મને ઈશ્વર પ્રભુ જે માર્ગોમાં દોરી રહ્યા છે તે વિશે હું લખતો આવ્યા છું.

હું મારા જીવનની શરૂઆતથી જે રીતે પવિત્ર આત્મા દ્વારા ઈશ્વરના તમામ માર્ગોને એકીકૃત કરતું પુસ્તક લખવા માટે પ્રેરિત થયો હતો, જેના દ્વારા મારા જીવનની શરૂઆતથી પ્રભુએ મને દોર્યો છે. હું જ્યારે માંદો હતો ત્યારે મેં ઈશ્વર આગળ માનતા લીધી હતી અને મારા કેટલાક વાંચકોની મજબૂત ઈચ્છાઓએ મને પ્રોત્સાહિત કર્યો હતો આ પુસ્તક લખવા માટે.

આ કાર્ય ઘણા સમયથી વિલંબિત થયું હતું. અનપેક્ષિત રીતે ૫મી ડિસેમ્બર, ૨૦૨૧ના દિવસે, તે રવિવારની સાંજે, એક કાર્યક્રમમાં, ''મિત્રોનો રવિવાર'', આયોજિત થયો હતો, મારા પુત્ર પાળક એલેક્ષ સેમસન સામના જન્મદિવસની ઉજવણીની સાથે. તે કાર્યક્રમમાં ભાગ લીધા પછી હું અંદાજે રાત્રે ૧૨.૦૦ વાગે ઊંઘવા પડ્યો. પવિત્રઆત્મા મારી આંતરિક ભાવનાઓ સાથે વાત કરી રહ્યો હતો અને મને ૩ કલાક જેટલું સ્વપ્ન આવ્યું હતું.

બરાબર સવારે ૩.૦૦ વાગે, પ્રભુ ઈસુ ખ્રિસ્તે મને ઉઠાડ્યો અને આ કાર્ય પર કામ શરૂ કરાવ્યું. પ્રભુ મારી આત્મિક આંખો આગળ નીચે મુજબની કલમ લાવ્યા. ''તે એકલો જ હતો ત્યારે મેં તેને બોલાવ્યો અને તેને આશીર્વાદ અપીને તેની વૃધ્ધિ કરી.'' – યશાયા ૫૧:૨.

પછી તેમણે મને પવિત્રશાસ્ત્ર, નોટ બુક તથા પેન હાથમાં લેવડાવ્યા. હું ઘુંટણિયે પડ્યો અન ક્હયું, ''વહાલા ઈશ્વરપિતા! હું તમારી આજ્ઞા પાળુ છુ અને મારી સત્ય આત્મકથા મારી જાતે લખવા સમર્પિત થાવ છું. હું જ્યાં સુધી આ પુસ્તક પૂરુ ન કરું અને ઘણી ભાષાઓમાં પ્રકાશિત ન કરું, ત્યાં સુધી કૃપા કરીને મારું રક્ષણ કરજો.'' ઈશ્વર પ્રભુએ આ કાર્ય શરૂ કરવા મને વિશ્વાસ આપ્યો.

મારી પાસે મારા બાળપણના કોઈ ફોટા નથી. તેથી; પ્રભુએ મને પ્રેરણા આપી કે હું મારા કાર્યાલયમાં કામ કરતી મારી સહાયક બહેન ડેઅઝી રાણીને મારા રેખાચિત્રો દોરવા કહું. તેણી પણ આવા રેખાચિત્રો દોરવામાં મારી સહાય કરવા આગળ આવી.

આ સંજોગોમાં મેં આ પુસ્તક લખવાની શરૂઆત કરી.

### મારું બાળપણ

મારી માતા રોસલેટ દક્ષિણ ભારતનાં છેલ્લા ભાગના કન્યાકુમારી જીલ્લાના નેલ્લારાઈક્કોનમના નય્યોરમાંથી આવે છે. મારા વડદાદા શ્રી. માર્થાનંદન એક ખુબ જ ઊંડા હિન્દુ ભક્ત હતા. તેમના દીકરા, મારા દાદા, શ્રી નારાયણ પણ એક સમર્પિત હિન્દુ હતા. જેમ જેમ દિવસો જતા હતા, તેઓ દક્ષિણ ભારતની મંડળીઓના મિશનરીઓની સેવાને કારણે ખ્રિસ્તી બન્યા. મારા દાદાનું નામ બદલીને ''નાથાનિયેલ'' રાખવામાં આવ્યું. તેમણે એક છોકરી, જેનું નામ ''જ્ઞાનાપ્પા'' હતુ, તેની સાથે લગ્ન કર્યા હતા, જે દક્ષિણ ભારતના ઉદઈયારવિલાઈ મંડળીની, કોલાયેલની હતી. તેમની પ્રથમ પુત્રી, રોસલેટ મારી માતા હતા.

મારા પિતાનું નામ શ્રી. સેલ્વા ધાસ છે અને તેમના પિતા (મારા દાદા) શ્રી સેમ્યુએલ દક્ષિણ ભારતની મંડળી, નેય્યોર નેલ્લારાઈકોન્નામના સભ્ય હતા. મારા પિતાની માતાનૂં નામ શ્રીમતી મુથાકમ્માલ હતુ જે પાલીયાડીની હતી અને તેણી વિશ્વાસી હતી. મારા દાદા શ્રી સેમ્યુએલે દક્ષિણ ભારતના જાણીતા નેય્યોર મંડળીના હોસ્પિટલમાં કંપાઉન્ડર (પુરુષ પારિચારક) તરીકે કામ કર્યુ હતું. તેમણે ડો. સમરવેલ, જે એક યૂરોપિયન હતા, તેમના હાથ નીચે કાર્ય કરવાનો લાહવો લીધો હતો. આ ડોક્ટરે દુનિયાના સૌથી


## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં- ૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

The Chairman, Nehemiah Bible College,
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

ઊંચા પર્વત માઉન્ટ એવરેસ્ટ પર ચઢવાનો રેકોર્ડ કર્યો હતો. મારા દાદા તેમની વૈદકિય સેવાને ઈશ્વરની સેવા તરીકે માનતા હતા અને તેમના બાળકો માટે અને મંડળી માટે એક ઉદાહરણરૂપી જીવન જીવતા હતા. મારા દાદાદાદીએ મારા જીવનમાં એક મજબૂત આત્મિક પાયો નાખ્યો હતો.

(....... આગળ ચાલુ.)

*****

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

E.mail : sam@echoofhiscall.org

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATIONS BY ONLINE ALSO**

RNI NO. 70103/98
**Postal Regn. No. TN/CH/(C)/203/21-23**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 16th FEBRUARY 2022**
**If un-delivered please return to:**
**ECHO OF HIS CALL (GUJARATI)**
**P.O. Box No. 2957,**
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by him at **Echo of His Call Printers**, New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**